RNI No.: GUJGUJ/2015/65690

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષઃ ૧૦ | અંકઃ ૭ | જાન્યુઆરી - ૨૦૨૫ | કિંમતઃ ૧૦/-



## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
## પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ સ્વામીના
## પ્રાગટ્ય દિવસ (જન્મદિવસ) પર

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન



**શુભ તારીખ**

૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ - શનિવાર

**શુભ સમય**

સાંજે ૫ થી રાત્રે ૮ કલાક સુધી

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**

આંગીફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

ચાલો આપણે પણ ૐકારની દિવ્ય કૃપા અને પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના પ્રાગટ્ય દિવસે મંત્રથી તેજોમય ઊર્જાયુક્ત આશીર્વાદનો લાભ લઇને જીવનને ધન્ય બનાવીએ....

/sadguruomrushi | M.:9429208997, 9376334289, 9537220959



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જાન્યુઆરી-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૦૭
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા વ્રત, સાધના, મંત્ર જેની દિવ્ય રચના પરમ પૂજ્ય ગુરુજી દ્વારા થયેલી હોય છે. એ બધાંના માધ્યમથી આપના જીવનમાં ઉન્નતિ અને સમૃદ્ધિ થાય એવી ૐકારના દિવ્ય ચૈતન્યને હું પ્રાર્થના કરું છું.

પરમ પૂજ્ય ગુરુજીએ આધ્યાત્મિક પથ પર ચાલતા-ચાલતા ઘણાં ચમત્કારિક અનુભવો પોતાની આંખ સમક્ષ જોયા છે અને જીવનમાં અનુભવ્યા છે. આપ સર્વ ભક્તજનો પરમ પૂજ્ય ગુરુજીના અનુભવોમાંથી પ્રેરણા અને માર્ગદર્શન લઈ શકો તે હેતુથી જ સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી અને એમના સંસ્મરણોની લેખમાળા મેગેઝિનમાં શરૂ કરવામાં આવી છે. ભક્તો દ્વારા તેનો ઉત્તમ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે જેનો મને તંત્રી તરીકે આનંદ છે.

ગુરુજીએ રચિત કરેલ એક ગઝલરચના 'જોખમની ઘડી' અહીં હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

**'જોખમની ઘડી'**

**ઊંઘ ગોટાળે ચડી છે, માં પથારીમાં પડી છે ;**
**શ્વાસ આ અટકી રહ્યા છે, ખૂબ જોખમની ઘડી છે ;**
**છેક અંતિમ શ્વાસ ટાણે, જિંદગી અમને જડી છે ;**
**છેદ સપનામાં પડ્યો છે, એટલે આંખો રડી છે ;**
**કેડમાં દરિયો લઇને, વાદળી આભે ચડી છે.**

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥

# મહાશિવરાત્રિના પાવન અવસર પર ભગવાન શિવની ચમત્કારિક મંત્રસાધના

ૐકાર સંપ્રદાય દ્વારા સદ્ગુરુ ૐઋષિની પાવનનિશ્રામાં ગયા વર્ષે એટલેકે ૨૦૨૪ની મહાશિવરાત્રિના દિવસે દિવ્ય સાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાશિવરાત્રિની આ સાધનાના માધ્યમથી લોકોના જીવનમાં સમૃદ્ધિ, સુખ-શાંતિ અને ભગવાન શિવની કૃપા પ્રાપ્ત થાય એ મુખ્ય ઉદ્દેશ્ય હતો.

મહાશિવરાત્રિ-૨૦૨૪ની સાધનામાં બેઠેલ ભક્તનું એક ઉદાહરણ આપની સમક્ષ મુકી રહ્યા છીએ. જેમના જીવનમાં પરમ પૂજ્ય ગુરુજી દ્વારા કરાવવામાં આવેલ સાધનાના માધ્યમથી દિવ્ય પરિણામ મળ્યું.

પરમ પૂજ્ય ગુરુજીના ભક્ત શ્રી ચેતનભાઈ પટેલ મહાશિવરાત્રિની સાધનામાં બેઠાં હતાં. ચેતનભાઈ પ્રાઈવેટ જોબ કરતા હતા અને આર્થિક રીતે ખૂબ જ સંઘર્ષ કરી રહ્યા હતા. ચેતનભાઈએ આ સાધના દરમ્યાન એક મનોકામના માંગી કે ભગવાન શિવ ખરેખર મારા ઉપર કૃપા કરવા માંગતા હોય તો આ સાધનાના માધ્યમથી એક વર્ષમાં મારી આર્થિક સમૃદ્ધિ થાય, નહીં તો પછી હું મારા જીવનમાં મારી આવી જ દશા રહેવાની છે એવું સમજીને જીવન વ્યતિત કરીશ.



ચેતનભાઈની સંકલ્પમાં એમનું દુઃખ તેમજ ઈશ્વર સામેની ફરિયાદ પણ કદાચ આપને જણાશે, પરંતુ મનુષ્ય જ્યારે ચારેબાજુથી ઘેરાઈ જાય ત્યારે ઈશ્વર પરથી પણ ભરોસો ડગી જતો હોય છે અને એટલે જ ઈશ્વર કદાચ કણકણમાં છે એ સાબિત કરવા પોતાનો ચમત્કાર ભક્તને બતાવે છે.

સાધનાના એક મહિના બાદ ચેતનભાઈ સાથે પણ ઈશ્વરનો કંઈક આવો જ ચમત્કાર થયો. ઈશ્વરે ચેતનભાઈ માટે એક નોકરીની તક એમના મિત્રને નિમિત્ત બનાવીને મોકલી આપી. નોકરી કતર દેશમાં હતી અને અહીંયાની નોકરીની સરખામણીમાં ત્રણ ગણો પગાર હતો. ચેતનભાઈ માટે આ એક ચમત્કારની ઘટના હતી.

“ગુરુજી, આપના દિવ્ય આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે. હું તો હિંમત હારી ગયો હતો.” ચેતનભાઈએ ગુરુજીને દંડવત કરતા કહ્યું હતું.

“ના, ચેતન આ મારો નહીં, પરંતુ ભગવાન શિવની દિવ્ય સાધનાનો ચમત્કાર છે. હું તો નિમિત્ત માત્ર છું.” આટલું બોલી ગુરુજીએ એમને આશીર્વાદ આપ્યા.

આજે ચેતનભાઈ કતરમાં સારી રીતે જોબ કરી રહ્યા છે અને જીવનમાં સમૃદ્ધ થઈ ગયા છે. આપ પણ આપના જીવનમાં ભગવાન શિવની સીધી કૃપા પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય તો મહાશિવરાત્રિ-૨૦૨૫ની સાધનામાં જોડાઈ જાઓ અને દિવ્ય ચમત્કારની અનુભૂતિ જાતે જ કરો.

**આપ પણ વર્ષ-૨૦૨૫માં ગુરુજીની પાવનનિશ્રામાં યોજાનાર મહાશિવરાત્રિની સાધનામાં જોડાવા ઇચ્છતા હોય તો ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પર આપનું નામ સત્વરે નોંધાવી દેવું.**

**મોબાઇલ નંબર : ૯૪૨૯૨૦૮૯૯૭**

# આ વખતે મહાશિવરાત્રિ તારીખ : ૨૬-૨-૨૦૨૫, બુધવારના રોજ છે.

## મહાશિવરાત્રિના પાવન પર્વ પર ભગવાન શિવની મંત્રસાધના કરવાની માહિતી

મહાશિવરાત્રિના પાવન દિવસથી ભગવાન શિવની આરાધના કરવા માટે આજે હું આપને ૯ દિવસની સાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનું એક બાજઠ લેવું. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ સ્થાપનમાં ત્રણ આખી સોપારી અને બીલીપત્રના સાત પાન લઈ એક ઉપર એક મુકવા. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી શિવાશંભુ શક્તિ ચક્રનું કટીંગ કરીને લેમીનેશન કરાવી દેવું અને તેને પણ સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલ મંત્ર ૯ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરવો.

સાધના કેટલા દિવસ કરવી? : આ સાધના ૯ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯ દિવસ ગણીને સાધના પૂર્ણ કરવી.

સાધના કરવાનો સમય : આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.

સ્થાપન કરવાનો સમય : મહાશિવરાત્રિના દિવસે સવારે ૭ થી ૧૦માં સ્થાપન કરવું.

કયા કલરનું વસ્ત્ર પહેરવું? : કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય.

**સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જિત કરી દેવી.**

**મંત્ર : ॥ ૐ શિવામ શિવામ પ્રાગટ્ય તતમ નમઃ ॥**

## ૐ શ્રી શિવાશંભુ શક્તિ ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ शिवात्रसमः ।। | ।। ॐ शंभुवसमः ।। | ।। ॐ महादेवत्रिसाः ।। |
| ।। ॐ शिवाः ३३३ ।। | ।। ॐ शंकरः ६६६ ।। | ।। ॐ भोलेः ९९९ ।। |
| ।। ॐ शिवनंदीः ६ ।। | ।। ॐ शिवरक्षाः ९ ।। | ।। ॐ शिवब्रह्मः ७ ।। |



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની
પાવન નિશ્રામાં

# ૐકાર મહાશિવા ઊર્જાશક્તિ સાધના



**શુભ તારીખ**

૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ - બુધવાર

**શુભ સમય**

સાંજે ૪ થી ૬ કલાક સુધી

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસ નોંધ :** આપનું તેમજ આપના પરિવારજનોનું નામ સત્વરે નીચે આપેલા મોબાઇલ નંબર પર વોટ્સએપ કરીને નોંધાવી દેવું. જેથી વહેલા તે પહેલાના ધોરણે આપને સ્થાન આપી શકાય.

(મો) ૯૪૨૯૨૦૮૯૯૭



|| ૐ નમઃ ||

**સદ્‌ગુરુ ૐઋષિ અને મહાયજ્ઞ**

ૐકારધામ તીર્થની ધન્યધરા ઉપર બિરાજમાન

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞ


## મંત્રયુગપરિવર્તક પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

તારીખ : ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ ના પવિત્ર દિવસે ૪૦ હવનકુંડી મહાયજ્ઞ યોજાયેલ તેની દિવ્ય ઝલક...













॥ ૐ નમઃ ॥





|| ॐ નમઃ ||







































# બિમારી કે વરદાન?

આ વાત ૧૯૯૧ ની સાલની છે. મારી ગૂઢવિદ્યાની સાધનાઓ એના ઉચ્ચ તબક્કામાં ચાલી રહી હતી. પરંતુ હજી પણ જે સિદ્ધિ મળવાનો અહેસાસ થવો જોઈએ એ થઈ રહ્યો ન હતો. દિવ્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરવા પાછળ હું રાત-દિવસ અલગ-અલગ સાધનાઓમાં મગ્ન રહેતો હતો અને રોજ કુદરતને પ્રાર્થના કરતો હતો કે હું દિવ્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકું.

૧૮ માર્ચ પછીના આ સમય દરમ્યાન એક એવી ઘટના બની કે જે ઘટનાએ મારી જિંદગીને ૩૬૦ડિગ્રીએ ચેન્જ કરી નાખી. તા.૧૮ એપ્રિલ, ૧૯૯૧ ના રોજ સાંજના સાડા સાતનો સમય થયો હશે. હું ઘરના ડ્રોઈંગરૂમમાં બેસીને કશુંક લખી રહ્યો હતો. અચાનક એ વખતે મારા માથા પર વીજળી પડી હોય એવી અનુભૂતિ થઈ અને એક મિનિટની અંદર તો આંખે અંધારા આવી ગયા અને ત્યારબાદ જે થયું તે તમને કદાચ માન્યામાં પણ નહીં આવે, પરંતુ એ શક્ય છે.

મારું સૂક્ષ્મ શરીર મારા સ્થૂળ શરીરથી અલગ થઈ ગયું અને એક દેવતા મને હાથ પકડીને હિમાલયની એક ગુફામાં લઈ ગયા. એ ગુફામાં એક સિદ્ધ શિલા ઉપર મને બેસાડ્યો. ત્યારબાદ એમણે મારા માથા પર હાથ મુક્યો. મારા શરીરમાં એમના હાથના સ્પર્શથી સિદ્ધિઓનો વરસાદ વરસતો હોય એવી અનુભૂતિ મને થઈ. ત્યારબાદ એ દેવતાએ મને મારા સૂક્ષ્મ શરીરને ફરીવાર મારા એ સ્થૂળ શરીરમાં પ્રવેશ કરાવી દીધો.

હું વીજળી વેગે પથારીમાંથી ઊભો થઈ ગયો. એ સમય દરમ્યાન હું ચાલી શકતો હતો. મેં જોયું તો અમારો આખો પરિવાર મારી આસપાસ ભેગો થઈ ગયો હતો. સાથે ફેમિલી ડૉક્ટર પણ બેઠેલા હતા.

"શું થયું? ડૉક્ટર સાહેબ કેમ આવ્યા છે?" મેં આશ્ચર્ય સાથે પૂછ્યું.

"તારું આખું શરીર ખેંચાઈ ગયું હતું. ડૉક્ટર સાહેબનું કહેવું છે કે તને ખેંચ આવી છે. એમણે ઈન્જેક્શન આપી દીધું છે અને ધ્યાન રાખવાની સલાહ આપી છે." પિતાશ્રીએ મને કહ્યું.

"તને શું થાય છે? તને કંઈ તકલીફ પડે છે?" પિતાશ્રીએ બનેલી ઘટના મને વિસ્તારપૂર્વક સમજાવી હતી.

"ના, મને કશું થતું નથી. મને તો ઉપરથી શક્તિનો અહેસાસ થાય છે." મેં ડૉક્ટર સાહેબ સામે જોઈ કહ્યું હતું.

આ ઘટનાને લગભગ એક મહિનો વીત્યો હશે. ફરી એકવાર સાંજના સાડા સાતથી આઠની વચ્ચેનો સમય થયો હશે. એ વખતે મને ફરી એકવાર માથા પર વીજળી પડ્યાનો અહેસાસ થયો અને ફરીવાર એ દેવતા મને કોઈ એક અગોચર વિશ્વમાં લઈ ગયા. જ્યાં એમણે મને ઘણીબધી વાતો જ્ઞાન અને મંત્રોને લગતી સમજાવી અને પછી તેઓ પાછા મને મારા સ્થૂળ શરીરમાં પ્રવેશ કરાવી ગયા.

મેં આંખો ખોલી. ફરીવાર એ જ દશ્ય... ફેમિલી ડૉક્ટર... પરિવારના સદસ્યો...આંખો પ્હોળી કરીને બધાં મારી અવસ્થાને જોતાં હતા.

"તને કંઈ થાય છે?" ડૉક્ટરે પૂછ્યું.

"ના." મેં કહ્યું.

“આવું થવાનું કારણ શું, ડૉક્ટર સાહેબ?” પિતાશ્રીએ ડૉક્ટરને પૂછ્યું.

“કશું ખબર પડતી નથી, કારણકે જ્યારે હું આવું છું ત્યારે ખેંચનો સમય પૂરો થઈ ગયો હોય છે અને અડધો કલાક એ બેભાન અવસ્થામાં રહે છે.” ડૉક્ટરે આટલું કહી દવા આપીને પછી વિદાય લીધી હતી.

મારી સાથે આ ઘટના ૧૯૯૧ થી લઈ ૧૯૯૭ સુધી ચાલી. તમને જાણીને ખૂબ જ નવાઈ લાગશે કે આ ૭ વર્ષમાં મારી અંદર જે જ્ઞાન, જે શક્તિઓ, જે સિદ્ધિઓની ઉત્પત્તિ થઈ એ હજારો વર્ષની સાધના પછી પણ ના મળી શકે એવી છે. જીવનનાં ઘણાંબધા રહસ્યો મને એ સમયગાળા દરમ્યાન એ દેવતાના માધ્યમથી જાણવા મળ્યા.

દર મહિને એક વખત મારી આવી અવસ્થા થતી હતી. કુલ મળીને ૮૮ વાર આવી ઘટના મારી સાથે થઈ. પણ ૮૮ વખતની અનુભૂતિઓ એ અલગ-અલગ છે. એ દરેક અનુભૂતિ ઉપર એક દિવ્ય લેખ લખી શકાય એવો છે. ૭ વર્ષ દરમ્યાન ૮૮ વખત અડધો કલાકની ઘટનાને ગણીએ તો ૪૪ કલાક થાય. આ ૪૪ કલાકમાં જે અલગ-અલગ જ્ઞાન, મંત્ર, સિદ્ધિઓ મને એ દેવતાએ સીધી જ આપી છે એ અકલ્પનીય છે. ૭ વર્ષ એ મારા દિવ્ય નિજાનંદ અને ઊર્જાથી ભરેલા હતા. સાચું કહું તો જીવન સાર્થક કરે એવા હતા.

૧૯૯૭માં મારી ના હોવા છતાંય પિતાશ્રીએ ન્યુરોફીઝીશીયન ડૉ. સુધીર વી. શાહનો સંપર્ક કર્યો અને ડૉ. સુધીર શાહની એપોઈન્ટમેન્ટ લીધી અને મારી ખેંચની દવા ચાલુ થઈ.

પદ્મશ્રી ડૉ. સુધીર વી. શાહે ૨૦૦૫ની સાલમાં મને એવું કહ્યું કે “હું જીવનમાં મારી આત્મકથા લખીશ તો એમાં તમારો ઉલ્લેખ ચોક્કસ થશે. કારણકે તમે એક એવા પેશન્ટ છો કે ખેંચની આવી એક્સ્ટ્રીમ પોજીશનમાં પણ તમે તમારા આધ્યાત્મિક જીવનમાં ઘણાં આગળ વધી શક્યા. બાકી કોઈ પેશન્ટ હોય તો પથારી પકડી લે. પણ ભગવાન જેને આશીર્વાદ આપે એ જીવનમાં ધારે એ કરી શકે એનું તમે જાગતું ઉદાહરણ છો.”

એક મહાન ડૉક્ટરના આ શબ્દો જીવનમાં મારે નહીં પણ દરેક મનુષ્યોએ ઉતારવા જોઈએ કે જીવનમાં ગમેતેટલી મુસીબત હોય પણ એનો હિંમતથી સામનો કરવો જોઈએ.

મારા માટે મને આવતી ખેંચ એ મુસીબત ન હતી પણ એક દિવ્ય વરદાન હતું. ડૉ. સુધીર વી. શાહની દવા શરૂ થયા બાદ મને આવતી ખેંચ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ અને એ દિવ્ય અનભૂતિના અધ્યાય પણ સ્થિર થઈ ગયા. પરંતુ એ સમય દરમ્યાન મેં જે પ્રાપ્ત કર્યું એનાથી હજારો લોકોનું કલ્યાણ કુદરતે મને નિમિત્ત બનાવીને કરાવ્યું.

હું માનું છું કે ઈશ્વર પોતે મનુષ્યની સીધી મદદ કરતા નથી, પરંતુ મારા જેવા વ્યક્તિઓને નિમિત્ત બનાવી એમના દુઃખ દૂર કરે છે.

મારી જોડે થયેલી આ દિવ્ય અનુભૂતિને તમે એક બિમારીના ભાગરૂપે જુઓ છો કે એક વરદાનની અનુભૂતિ સમાન ગણો છો એ હું તમારા ઉપર છોડું છું. મારું માનવું છે કે આ મારા જીવનનું ઉત્તમ વરદાન હતું. પરંતુ તમે શું માનો છો એ આપ નીચેના નંબર પર વોટ્સએપ કરીને જણાવશો જેથી આવતા મેગેઝિનના અંકમાં આપના તરફથી મળેલો પ્રતિસાદ લખી શકાય.

**મો. ૯૪૨૯૨૦૮૯૯૭**

લિ. ૐ ગુરુ

# ચંચળ ડોસી
(સત્ય ઘટના પર આધારિત)

માણસાઇ કેટલી અમૂલ્ય છે એની અનુભૂતિ ગુરુજીના પરમભક્તને કોવિડકાળ દરમ્યાન થઇ. એ સત્યઘટનાને આપની સમક્ષ હું કથાના માધ્યમથી રજૂ કરી રહ્યો છું જેથી આપને માણસાઇના એ ઉત્તમ પ્રસંગને વાંચવાનો આનંદ આવે અને જીવનમાં આવી માણસાઇ રાખવી જોઇએ એની પ્રેરણા મળે.

મહેસાણા જિલ્લાના બોકરવાડા ગામનો વતની રાજેશ છેલ્લા પંદર વર્ષથી અમદાવાદમાં સ્થાયી થયો હતો. રાજેશના માતા-પિતા બાળપણમાં જ મૃત્યુ પામ્યા હોવાના કારણે બોકરવાડામાં કાકાના ઘરે રહી કોલેજ સુધીનું ભણતર પૂરું કર્યું હતું.

રાજેશ એના માતા-પિતાનું એકનું એક સંતાન હતું અને કાકાના ત્યાં જેમ સાવકી માં રાખે એ રીતે કાકીની હેરાનગતિ સાથે ભણીગણી માત્ર વીસ વર્ષની ઉંમરે જ અમદાવાદની પ્રાઇવેટ કંપનીમાં નોકરીએ લાગી ગયો હતો.

રાજેશની ઉંમર ત્રીસ વર્ષની થઇ પણ લગ્નનો મેળ પડતો ન હતો. પણ છતાં રાજેશ પોતાના બાળપણના ખરાબ દિવસો કરતા અત્યારના દિવસો અને સમય સારો છે એવું મનમાં વિચારી ખૂબ આનંદપૂર્વક અને ઇમાનદારીથી નોકરી કરતો હતો. લગ્ન માટે ઘણીબધી જગ્યાએ સમાજમાં એને પોતાના સગાસંબંધી મારફતે કહેવડાવ્યું હતું પરંતુ અમદાવાદમાં કે બોકરવાડામાં ઘરનું ઘર ન હોવાના કારણે વાત અટકી જતી હતી.

રાજેશના ઉતાર-ચડાવવાળા જીવનમાં કોરોનાનો કાળ આવ્યો. કોરોનાના કારણે નોકરી જતી રહી અને બોપલમાં જ્યાં પી.જી. તરીકે રહેતો હતો ત્યાં બચત કરેલા પૈસાથી રહેતો હતો. લોકડાઉન ખુલે ત્યારે નવી નોકરી શોધવાનું વિચારતો હતો.

૨૬ જૂન, ૨૦૨૦ના રોજ ઉઠ્યો ત્યારે શરીરમાં તાવ અને ઉધરસના લક્ષણો દેખાઇ આવ્યા. કોરોના કાળમાં સૌથી પહેલો વિચાર મને કોરોના તો નહીં થયો હોય ને? એવો વિચાર રાજેશના મનમાં આવ્યો.

સ્વાસ્થ્ય માટે સજાગ એવા રાજેશે નજીકના આરોગ્ય કેન્દ્રમાં જઇ કોરોનાનો રેપીડ ટેસ્ટ કરાવ્યો. રાજેશનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો. આરોગ્ય કેન્દ્રમાંથી એને દવા આપવામાં આવી અને હોમ ક્વોરન્ટાઇન થવાની ડોક્ટરે સલાહ આપી.

રાજેશ જ્યાં પી.જી. તરીકે રહેતો હતો એ બંગલા પર પહોંચ્યો ત્યારે મકાનમાલિકે દૂરથી પૂછ્યું કે 'શું રીપોર્ટ આવ્યો?'

|| ૐ નમઃ ||

'કોરોના પોઝીટીવ છે. હોમ ક્વોરન્ટાઇન થવાનું છે.' રાજેશે જવાબ આપ્યો.

'આ તારો સામાન, હવે જ્યાં સુધી નેગેટીવ ના થાય ત્યાં સુધી તું અહીંયા નહીં રહી શકે.' મકાનમાલિકે રાજેશનો બેગ અને બીસ્તરો કમ્પાઉન્ડમાં મુકી અને ઘરનો દરવાજો બંધ કરી દીધો. રાજેશ દુઃખી ચહેરે સામાન લઇ પોતાના ગામ બોકરવાડા જવાનું વિચારી અમદાવાદથી મહેસાણા સુધી લઇ જતી જીપો અને શટલ જ્યાં ઊભી રહેતી હતી એ સ્ટેન્ડ પર પહોંચ્યો.

'ક્યાં જવાનું છે?' બીડીનો ધુમાડો ઉડાડતા ઉડાડતા જીપના ડ્રાઇવરે પૂછ્યું.

'મહેસાણા.' રાજેશે ટૂંકમાં જવાબ આપ્યો અને જીપમાં નજર ફેરવી. જીપમાં એક ઉંમરલાયક કાકા, શાકનો ટોપલો ભરીને બેઠેલી એક સ્ત્રી અને માથે સફેદ ફાંટો બાંધેલા એક ખેડૂત જેવા દેખાતા ભાઇ બેઠાં હતાં.

'તને કોરોના તો નથી ને ભાઇ? ' જીપવાળાએ રાજેશને પૂછ્યું.

'ના ભાઇ ના. મારા જેવા જુવાનને કોરોના ના થાય.' રાજેશ પૂરી તાકાતથી જૂઠું બોલ્યો. રાજેશને હતું જ કે જો હું હા પાડીશ તો આ મને જીપમાં પણ નહીં બેસાડે. ભગવાન આજે જબરી પરીક્ષા લઇ રહ્યો છે.

'તો બેસી જા, ' કહી ડ્રાઇવર પણ જીપમાં બેઠો.

જીપ મહેસાણાના રસ્તે દોડવા લાગી. પાછળ બેઠેલા વૃદ્ધ કાકાને બે-ત્રણ છીંક આવી.

'એ કાકા તમને કોરોના તો નથી ને? ' શાકવાળી બાઇએ કાકાને પૂછ્યું.

' ના મને કોરોના નથી. ' કાકાએ ગુસ્સામાં કહ્યું.

'હોય તોય હવે શું ફરક પડે છે? ' ફાંટાવાળો ખેડૂત બોલ્યો.

રાજેશને પણ થોડી ઉધરસ આવી. પણ એણે તરત ડ્રાઇવરને કહ્યું કે 'આ કાકાને તે ખોટા બેસાડ્યા છે. એ ઉંમરલાયક છે. એમને કોરોના હશે તો? '

'હા ભાઇ, મને પણ એવું જ લાગે છે. ' ડ્રાઇવર બોલ્યો.

રાજેશ પોતાની ઉધરસને છુપાવવા માંગતો હતો માટે તેણે જીપમાં બેઠેલા બધાંનું ધ્યાન કાકા તરફ ફેરવ્યું.

'મને કોઇ કોરોના નથી. હું દિવસમાં બે વાર ઉકાળો પીવું છું અને નાશ પણ લઉં છું. ' કાકાએ છણકો કરીને કહ્યું.

આ બધી માથાકૂટ વચ્ચે મહેસાણા આવી ગયું. બધા પેસેન્જર ઉતરી ગયા.

'મારું ગામ અહીં નજીક જ છે, બોકરવાડા. તું મને મુકી જા, હું તને વધારે પૈસા આપી દઇશ.' રાજેશે ડ્રાઇવરને કહ્યું.

ડ્રાઇવર માની ગયો અને રાજેશને બોકરવાડા ગામમાં મંદિર પાસે ઉતારી દીધો.

રાજેશ બેગ અને બીસ્તરો લઇ કાકા-કાકીના ઘરે પહોંચ્યો. બારણાંમાં ઊભા રહીને જ એણે કાકાને કહ્યું 'મને કોરોના છે. મારે ઉપરના રૂમમાં એકલા રહેવું પડશે. ' રાજેશે કહ્યું.

'મારે આ રાજેશનો ટાંટીયો ઘરમાં જોઇએ નહિ. અમને બધાંને કોરોના થઇ જશે.' કાકીએ ઘાંટો પાડીને કહ્યું.

કાકા અને ભત્રીજો એકબીજાને લાચાર આંખોથી જોઇ રહ્યા.

રાજેશ બેગ અને બીસ્તરો ઉપાડી ગામમાં પોતાના મિત્ર મીતેશના ત્યાં પહોંચ્યો.

'ભાઇ, બીજા કોઇ સંજોગો હોત તો વાંધો ન હતો. પરંતુ આ કોરોનાના કાળમાં તને ઘરમાં રાખવો મારા માટે શક્ય નથી. મારા ઘરડા મા-બાપ છે. નાના બે બાળકો છે.' મીતેશે કહ્યું.

ગામમાં ઓળખીતા બધાં જ મિત્રોએ રાજેશને આવી જ વાત કહી. બે મિત્રોએ તો રાજેશને હોસ્પીટલમાં દાખલ થવાની વાત કહી દીધી. પણ હોસ્પીટલમાં રહેવામાં રાજેશને ખૂબ ડર લાગતો હતો. રાજેશ સમજણો થયો ત્યારથી એવું વિચાર્યું હતું કે મને જીવનમાં કોઇ રોગ થાય તો હું ઘરે મરી જઇશ પણ હોસ્પીટલમાં તો દાખલ નહીં જ થઉં. કારણકે એના મા-બાપ બંન્ને સરકારી હોસ્પીટલમાં રીબાઇ રીબાઇને મર્યા હતાં. એના કારણે રાજેશને હોસ્પીટલનો ભય મનમાં ઘર કરી ગયો હતો.

સાંજ પડવા આવી હતી. ગામના પ્રોવીઝન સ્ટોર ઉપરથી બીસ્કીટનું પેકેટ લીધું અને મંદિરના ઓટલે બેસી બીસ્કીટ ખાધા અને આરોગ્ય કેન્દ્રમાંથી લાવેલી દવા લીધી.

'ભાઇ, તને ફાવે તો તું મારા ઘરે ચાલ.' રાજેશે અવાજની દિશામાં જોયું.

સફેદ કોઢવાળી ચંચળ ડોસી ઊભી હતી. ચંચળ ડોસીના હાથમાં લાકડી અને કમરથી સ્હેજ વળી ગઇ હતી. રાજેશ સમજણો થયો ત્યારથી જ ચંચળ ડોસી માટે એને અનાયાસે જ ચીડ હતી. ચંચળ ડોસી ગામમાં સામેથી નીકળે તો એ રસ્તો પણ બદલી નાંખતો. જ્યારથી સમજણો થયો ત્યારથી એણે ચંચળ ડોસી માટે ખબર નહિ પણ કારણ વગરનો ખૂબ જ અણગમો હતો.

'ભાઇ રાત પડવા આવી છે. આ વરસાદની ઋતુમાં તું ક્યાં સુધી અહીંયા બેસી રહીશ?' ચંચળ ડોસીએ હેતથી કહ્યું.

'મને કોરોના થયો છે. તમને પણ થઇ જશે. ' રાજેશે કહ્યું

'ભાઇ, મને કાંઇ નહિ થાય. વીસ વરસની ઉંમરે વિધવા થઇ હતી અને મારા ડેલામાં ચાલીસ વરસથી એકલી રહું છું. મને નખમાંય રોગ નથી. મારા માથે મારા રામના રખોપા છે, મારા બાપ.' ચંચળ ડોસીએ હસતા હસતા કહ્યું.

રાજેશ ચંચળ ડોસીની પાછળ-પાછળ પોતાનો બેગ બીસ્તરો લઇને ચાલવા માંડ્યો. આ ડોસીની રાજેશે મનોમન કેટલીયે વાર ધ્રુણા કરી હતી. કેટલીયે વાર મનથી અપશુકનીયાળ અને શ્રાપિત કહી હશે. એ જ ચંચળ ડોસી આજે ઈશ્વર બની એના વહારે આવી હતી.

ચંચળ ડોસીનું ડેલું મોટું હતું. ડેલાના એક મોટા રૂમમાં એણે રાજેશને રહેવાની વ્યવસ્થા કરી આપી. ચંચળ ડોસી ત્રણ વખત રાજેશને ગરમ ગરમ જમાડતી. ગામના વૈદ્ય પાસે જઇ અને દવા પણ લઇ આવી અને રાજેશને આપી. ચંચળ ડોસીએ રાજેશની પંદર દિવસ સગી માં કરે એના કરતા પણ વધારે હેત અને પ્રેમથી ચાકરી કરી. ચંચળ ડોસી રોજ રાજેશ જોડે બેસતી અને પોતાના જીવનના કરૂણ પ્રસંગો છીંકણી સુંઘતા સુંઘતા હસી હસીને કહેતી. ચંચળ ડોસીની વાત સાંભળી રાજેશ પણ હસી પડતો.

રાજેશ મનમાં વિચારતો કે ભગવાને આ ચંચળ ડોસીને કોઇક અલગ માટીમાંથી ઘડી હશે. બાકી આવા કળિયુગમાં આવો માણસ મળવું એ શબરીને રામ મળ્યા જેવી વાત કહેવાય.

રાજેશ સારો થઇ ગયો. જીવનમાં પહેલીવાર રાજેશે કોઇના પગને અડીને આશીર્વાદ લીધા હોય એવી આ પહેલી ઘટના હતી.

'માં, તમે મારા માટે જે કર્યું છે એ મારી સગી માં જીવતી હોત તો પણ ના કરત, એટલું કર્યું છે. આજથી તમે મારા માટે મારી માં છો. '

ચંચળ ડોસીએ રાજેશના માથે હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા.

રાજેશ બેગ બીસ્તરો લઇ ચંચળ ડોસીની આંખમાં આવેલા હરખના આંસુ જોઇ અને પોતાની આંખોમાંથી વહેતા હરખના આંસુને લૂછતાં લૂછતાં અમદાવાદ ભણી આવવા નીકળ્યો.

*****



॥ ૐ નમઃ ॥

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૧-૨૦૨૫ | મંગળવાર | ૐ શક્તિતા |
| ૨૨-૦૧-૨૦૨૫ | બુધવાર | ૐ દિવ્યતાની |
| ૨૩-૦૧-૨૦૨૫ | ગુરુવાર | ૐ લક્ષ્મીભ્ય |
| ૨૪-૦૧-૨૦૨૫ | શુક્રવાર | ૐ કારીકાવી |
| ૨૫-૦૧-૨૦૨૫ | શનિવાર | ૐ નવગ્રહાતી |
| ૨૬-૦૧-૨૦૨૫ | રવિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૭-૦૧-૨૦૨૫ | સોમવાર | ૐ રાજસ્વદેવ |
| ૨૮-૦૧-૨૦૨૫ | મંગળવાર | ૐ ઈન્દ્રદેવ |
| ૨૯-૦૧-૨૦૨૫ | બુધવાર | ૐ લક્ષ્મીકુબેર |
| ૩૦-૦૧-૨૦૨૫ | ગુરુવાર | ૐ ધનશક્તિ |
| ૩૧-૦૧-૨૦૨૫ | શુક્રવાર | ૐ શિવામ્ |
| ૧-૦૨-૨૦૨૫ | શનિવાર | ૐ ત્રશામ્ |
| ૨-૦૨-૨૦૨૫ | રવિવાર | ૐ નાવીલક્ષ્મી |
| ૩-૦૨-૨૦૨૫ | સોમવાર | ૐ કુબેરલક્ષ્મી |
| ૪-૦૨-૨૦૨૫ | મંગળવાર | ૐ સૂર્યલક્ષ્મી |
| ૫-૦૨-૨૦૨૫ | બુધવાર | ૐ રાહુલક્ષ્મી |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૬-૦૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ કેતુલક્ષ્મી |
| ૭-૦૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ ગુરુલક્ષ્મી |
| ૮-૦૨-૨૦૨૫ | શનિવાર | ૐ શુક્રલક્ષ્મી |
| ૯-૦૨-૨૦૨૫ | રવિવાર | ૐ બુધલક્ષ્મી |
| ૧૦-૦૨-૨૦૨૫ | સોમવાર | ૐ મંગળલક્ષ્મી |
| ૧૧-૦૨-૨૦૨૫ | મંગળવાર | ૐ શનિલક્ષ્મી |
| ૧૨-૦૨-૨૦૨૫ | બુધવાર | ૐ ચંદ્રલક્ષ્મી |
| ૧૩-૦૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ ધનતંતી |
| ૧૪-૦૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ લક્ષ્મીદેવી |
| ૧૫-૦૨-૨૦૨૫ | શનિવાર | ૐ શુભલક્ષ્મીદેવી |
| ૧૬-૦૨-૨૦૨૫ | રવિવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૧૭-૦૨-૨૦૨૫ | સોમવાર | ૐ તૃપાતિલક્ષ્મી |
| ૧૮-૦૨-૨૦૨૫ | મંગળવાર | ૐ ધનેશ્વરાય |
| ૧૯-૦૨-૨૦૨૫ | બુધવાર | ૐ વદમાતી |
| ૨૦-૦૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ પ્રવાજ |



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

## પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના પ્રાગટ્ય દિવસ ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી

# આપની મનોકામના પૂર્તિ માટે ચમત્કારિક મંત્રદર્શન

## મંત્ર : ॥ ૐ ઋષિશક્તિ ઋષિતા લક્ષ્મી નમઃ ॥

### ૐઋષિ મંત્રઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ लक्ष्मीव्य: ।। | ।। ॐ लक्ष्मीसिद्धा: ।। | ।। ॐ लक्ष्मीवामा: ।। |
| ।। ॐ कार्यवामा: ।। | ।। ॐ शक्तिवामा: ।। | ।। ॐ त्रातवामा: ।। |
| ।। ॐ वाजमवामा: ।। | ।। ॐ त्रिवावामा: ।। | ।। ॐ ॐऋषि वामा: ।। |

### ૐઋષિ મંત્રપ્રાંગ ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ ॐऋषि शक्ति: ।। | ।। ॐ मंत्रातशक्ति: ।। | ।। ॐ वामाशक्ति: ।। |
| ।। ॐ त्रुजाशक्ति: ।। | ।। ॐ कारीकावल्ल: ।। | ।। ॐ दातीका: ।। |
| ।। ॐ वलभ: ।। | ।। ॐ त्रवल: ।। | ।। ॐ कवल: ।। |

### ૐઋષિ મંત્રશક્તિ ચક્ર



(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી કરવી. મંત્રદર્શનની આ સાધનાથી ગુરુજીના પ્રાગટ્ય દિવસની ઊર્જાથી આપની મનોકામનાપૂર્તિ અચૂક થશે.



॥ ૐ નમઃ ॥

# મારા માતૃશ્રીની પ્રાણઘાતક ઘાત ટળી
# તેમજ
# મારા પુત્રનો અકસ્માતમાં ચમત્કારિક બચાવ થયો

પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ મને અને મારા પરિવારને ખૂબ જ ફળ્યા છે. હવે ચમત્કારની વાત કરું તો ૧ અને ૨ ડિસેમ્બર, ૨૦૨૪ મારા મોટા પુત્ર તનિષના શુભ લગ્ન નિર્ધારેલ હોઈ આ બંન્ને દિવસ ગુરુજીની પાવન પધરામણી અને આશીર્વાદથી પૂરા પરિવારમાં હર્ષોલ્લાસનું વાતાવરણ હતું.

૩૦-૧૧-૨૦૨૪ શનિવાર રાત્રે ૯ વાગ્યે અચાનક મારા માતૃશ્રીની તબિયત લથડવા લાગી અને તાત્કાલિક મારા માતૃશ્રીને આઈ.સી.યુ.માં એડમીટ કરવા પડ્યા. મારા માતૃશ્રીને ઓક્સિજન લેવલ લગભગ શૂન્ય આસપાસ થઈ ગયેલ. ડૉ. મિલાપ સાહેબે વેન્ટીલેટર અને બાયપેપથી ત્વરિત સારવાર ચાલુ કરેલ હતી. મમ્મીની તબિયત અતિશય નાજુક હોઈ પરિવારના દરેક સભ્ય ખૂબ જ ચિંતામાં આવી ગયા હતા.

પરમ પૂજ્ય ગુરુજીના અનન્ય ભક્તશ્રી મારા સાળા હર્ષદભાઈએ મમ્મીના વેન્ટીલેટર અને બાયપેપના ફોટા તેમજ વિડિયો રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ ગુરુજીને મોકલ્યા અને અમારા દરેક માટે સાક્ષાત ભગવાનતુલ્ય એવા પરમ પૂજ્ય ગુરુજીએ તરત જ એમનો ચમત્કારિક શક્તિશાળી મંત્ર મમ્મીની તબિયત સારી થઈ જાય તે માટે મોકલ્યો.

ત્યારબાદ આ અમોઘ શક્તિશાળી મંત્ર મારી મમ્મીના કાને સંભળાવ્યો તેમજ હું, મારા પત્ની અને પરિવારના દરેક સભ્યોએ સાંભળવાનું ચાલુ કર્યું. અમારા આશ્ચર્ય વચ્ચે માત્ર બે જ કલાકમાં મારા મમ્મી કે જે ખૂબ જ સીરીયસ હતા તે ભયમુક્ત થઈ ગયા અને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી તેમને નવજીવન મળ્યું. એટલું જ નહીં પરંતુ મારા મમ્મી હોસ્પિટલમાંથી બેઠા થઈને મારા દિકરાના લગ્નમાં પણ ૩ કલાક ઉપસ્થિત રહ્યા અને તેઓને આશિર્વાદ પણ આપ્યા. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા અને મારા પરિવારના સાષ્ટાંગ દંડવત નમન...

હવે ગુરુજીના બીજા એક ચમત્કારિક પરચાની વાત આપને કહું છું. મને અને મારા પરિવારના દરેક સભ્યોને પરમ પૂજ્ય ગુરુજી પર અપાર શ્રદ્ધા અને આસ્થા છે અને તેમના અવિરત આશીર્વાદથી અમો દરેક આફતોમાંથી હેમખેમ પાર થયા છીએ.

મારો નાનો પુત્ર સુજલ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ તેના એક્ટીવા પર ક્રીસ્ટલ મોલ સામેની શેરીમાં જઈ રહ્યો હતો અને અચાનક સામેથી પૂરપાટ ઝડપથી આવેલી રીક્ષાએ મારા પુત્ર સાથે અકસ્માત કર્યો. રીક્ષા સ્કૂટર સાથે અથડાવાથી ઊંધી વળી ગઈ અને સુજલનું એક્ટીવા ફંગોળાઈ ગયું. પરંતુ જીવનરક્ષક પરમ પૂજ્ય ગુરુજીની કૃપા આશિષથી સુજલનો વાળ પણ વાંકો ન થયો અને એ તરત જ ઊભો થઈ રીક્ષાચાલકના ખબર અંતર પૂછ્યા.

પરમ પૂજ્ય ગુરુજીના અનન્ય આશીર્વાદથી સુજલનો આ જીવલેણ અકસ્માતમાં ચમત્કારિક બચાવ થયો. પરમ પૂજ્ય ગુરુજીના અમી આશિષથી અમારા નાના મોટા અનેક અશક્ય કાર્યો પરિપૂર્ણ થયા છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા અને મારા પરિવારના વારંવાર સાષ્ટાંગ દંડવત પ્રણામ...

લિ. પરેશ કે. મોદી (રાજકોટ)

## આકસ્મિક ધનલાભ મહાપૂજનનો લાભ મળ્યો

પરમ પૂજ્ય ગુરુજીની પાવન નિશ્રામાં યોજાયેલ ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં બેસવાનો મેં લાભ લીધો હતો. આજથી આઠ વર્ષ પહેલા મારા પચ્ચીસ લાખ રૂપિયાનો કાપડનો માલ ચેન્નઈમાં એક વેપારીને મોકલ્યો હતો અને એના રૂપિયા પરત આવતા ન હતાં.

સાચું કહું તો હું જ્યારે આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં બેઠો ત્યારે આ ઉઘરાણી પરત આવશે એવી કોઈ કલ્પના કે વિચાર મેં રાખ્યો ન હતો. હું તો એટલા માટે આ મહાપૂજનમાં બેઠો હતો કે ધંધામાં ઉન્નતિ અને પ્રગતિ થાય. ચેન્નઈના પૈસા તો હું ઘાલખાધ સમજીને સ્વીકારી ચૂક્યો હતો.

પરંતુ મહાપૂજનના એક મહિના બાદ ચેન્નઈના એ વેપારીનો સામેથી ફોન આવ્યો અને નવો માલ મારી પાસેથી મંગાવ્યો. તેમજ જૂના પૈસા ધીમે-ધીમે જમા કરાવતો જઈશ એવી મને બાંહેધરી પણ આપી. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ છે એવું સમજીને મેં ફરીવાર એની સાથે ધંધો મેં શરૂ કર્યો.

આજે જ્યારે ૮ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં અનુભવ લખીને આપું છું ત્યાં સધીમાં પચ્ચીસ લાખમાંથી દસ લાખ રૂપિયા પરત આવી ગયા છે. આ ઘટનાને હું તો આકસ્મિક ધનલાભની ઘટના તરીકે જ હું જોઉં છું. પ.પૂ. ગુરુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત...

લિ. આશિષ પટેલ (અમદાવાદ)

**આપ પણ આવી કોઇ મુશ્કેલીમાં સપડાયા હોય તો ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો આકસ્મિક ધનલાભ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

## જમીનના ધંધામાંથી દેવું ઉતરી ગયું

જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ પરમ પૂજ્ય ગુરુજીને મળવા માટે હું અમદાવાદ ગયો હતો. ગુરુજીએ મને દેવામાંથી મુક્ત થવા જમીનના ધંધામાં દલાલી કરવાની સલાહ આપી. હું જમીનના ધંધાની કોઈ વિગત જાણતો ન હતો. ધંધો કઈ રીતે થાય એ પણ મને ખબર ન હતી. શેરબજારના કારણે થયેલું દેવું ઉતારવું જરૂરી હતું અને બીજો કોઈ રસ્તો ન હોવાના કારણે ગુરુજીએ મને કહ્યું એ પ્રમાણે નવસારીની આજુબાજુ જમીનનો ધંધો કરતો મારો મિત્ર દિનેશ જોડે ફરવાનું શરૂ કર્યું. ધંધામાં મને કશું સમજણ પડતી ન હતી અને દિનેશ જે સમજાવવાનો પ્રયત્ન કરે તે પણ માથાની ઉપરથી જતું હતું. પણ અચાનક મે મહિનામાં મારા સગા ફુઆએ મને એમની જમીન વેચવાનું કામ સોંપ્યું અને મારા મિત્રના ભરોસે મેં કામ હાથમાં લઈ લીધું. મારા ફુઆ પૂના રહેતા હોવાના કારણે આ જમીન જલ્દી વેચી એમને પૂનામાં પ્રોપર્ટી લેવી હતી.



॥ ૐ નમઃ ॥

હું ગુરુજીએ મોકલેલો પ્રસાદ સમજીને આ જમીન વેચવામાં લાગી ગયો. મે મહિનામાં હાથમાં લીધેલું જમીન વેચવાનું કામ સપ્ટેમ્બર મહિનામાં જમીન ખરીદનાર મળ્યો અને ફુઆ જે ભાવે જમીન વેચવા માંગતા હતાં એ ભાવે જમીન વેચાઈ ગઈ.

જમીન સારા ભાવે વેચાઈ હોવાના કારણે ફુઆએ મને સારી દલાલી આપી. મારા માથે દેવું હોવાના કારણે દિનેશે એ જમીનમાં એનો હિસ્સો ના લેતાં મને જે રકમ મળી એમાંથી મારું ૭૫ ટકા દેવું ઉતરી ગયું. આ બધું ગુરુજીના આશીર્વાદથી જ શક્ય બન્યું છે. ગુરુજીએ ના કીધું હોત તો જમીનના ધંધામાં હું ક્યારેય જોડાયો ન હોત કે મને કશી ખબર પણ પડી ના હોત. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ નમન...

લિ. તુષાર તપખીરીયા (નવસારી)

**આપ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ # સદ્‌ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો શેરબજાર, જમીન-મકાનના ધંધામાં આર્થિક પ્રગતિ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

## ગ્રીન માળા અને સૂર્યવિદન્ત્યદેવનો શ્લોક ફળ્યો

મારા જીવનમાં શારીરિક અને માનસિક ખૂબ જ પીડાઓ ચાલી રહી હતી. હું પ.પૂ. ગુરુજીના પૂનમ દર્શન વખતે આશીર્વાદ લેવા આવી ત્યારે મેં ત્યાંથી ગ્રીન માળા લીધી. એની ઉપર સૂર્યવિદન્ત્યદેવનો શ્લોક લખ્યો હતો. એ શ્લોક મેં નિયમિત રીતે કરવાનું શરૂ કર્યું અને મારા આશ્ચર્ય વચ્ચે મારી શારીરિક અને માનસિક પીડાઓ ધીમે-ધીમે દૂર થવા લાગી. આ સાથે ઘરમાં પડતી આર્થિક અગવડોમાં પણ મને રાહતનો અનુભવ થવા લાગ્યો. પ.પૂ. ગુરુજી અમારા જીવનમાં દેવદૂત બનીને આવ્યા એવું હું ચોક્કસપણે કહી શકું છું.પ.પૂ. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

સુશીલાબેન નાગર (સુરત)

**આપ પણ આપના જીવનનું કોઇ અટકેલું કાર્ય પરિપૂર્ણ કરવા ઇચ્છતા હોય તો ગુરુજી દ્વારા સિદ્ધ ગ્રીન માળા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી મેળવી શકો છો.**

## ચાંદીના ધંધામાં સફળતા મળી

પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી ૨૦૧૬માં મેં ચાંદીના શોરૂમમાં નોકરી ચાલુ કરી. જ્યારે હું ગુરુજીને મળ્યો ત્યારે ખૂબ જ હતાશ અને નિરાશ હતો. ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઈને ચાંદીના શોરૂમમાં

નોકરી અને પછી ભવિષ્યમાં ધંધો શરૂ કરવાની સલાહ આપી. એમના શબ્દોને માથે ચડાવીને મેં એક ચાંદીના શોરૂમમાં ૨૦૧૬માં નોકરી શરૂ કરી. એકાદ વર્ષમાં ચાંદીના ધંધામાં થોડી ફાવટ આવી અને ત્યારબાદ મેં નાના પાયે મારું કામ શરૂ કર્યું.

વર્ષ-૨૦૧૭ના ડિસેમ્બર મહિનામાં મેં ચાંદીના ધંધાની શરૂઆત કરી. હું રોજ નિયમિત રીતે ૐકાર ચાલીસા લેખન અને પઠન કરું છું. ત્યારબાદ મેં ચાંદીના ધંધામાં પાછા વળીને જોયું નથી. અત્યારે હું આર્થિક રીતે સક્ષમ થયો છું. હજી મારી ઉંમર ૩૦ જ વર્ષની છે. મારી સામે હજી મોટું ભવિષ્ય પડેલું છે. મને યોગ્ય સમયે યોગ્ય રાહ બતાવનાર ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ નમન...

લિ. કેવલ પરીખ (વડોદરા)

**આપ પણ આવા કોઇ પ્રશ્નથી મૂંઝાતા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ ચેનલ # સદ્‌ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો આર્થિક પ્રગતિ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

## બાપ-દાદાની જમીન વિશે માહિતી મળી

મારું નામ દિનેશભાઇ છે. હું આર્થિક રીતે ખાધે-પીધે સુખી છું, પરંતુ પૈસાની દર વર્ષે થોડી-થોડી મુશ્કેલીઓ નડ્યા કરે ખરી. વર્ષ-૨૦૧૮માં મારા મિત્ર સુરેશભાઇ મારફતે પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં સત્સંગ કરવાનો મોકો મળ્યો. પરમ પૂજ્ય ગુરુજીએ મને આકસ્મિક ધનલાભ માટેનો એક દિવ્ય મંત્ર આપ્યો. મેં બહાર આવીને સુરેશભાઇને કહ્યું કે ‘‘મારા નસીબમાં તો આકસ્મિક ધનલાભ ક્યાંથી હોય???!!!’’ ‘‘અરે! ગુરુજીએ કંઇક કહ્યું હશે તો વિચારીને કહ્યું હશે.’’ સુરેશભાઇએ ઉત્તર આપ્યો.

હું પણ ગુરુજીનો પ્રસાદ સમજીને ગુરુજીએ આપેલો દિવ્યમંત્ર કરતો રહ્યો અને ગુરુજીના ચમત્કારિક આશીર્વાદથી ૨૦૨૨માં મારા માતૃશ્રીના પિતાની ૫૦ વીઘા જમીન નીકળી જેનો એકમાત્ર હું જ વારસદાર છું. હવે તમે જ વિચારો કે ૨૦૧૮માં પરમ પૂજ્ય ગુરુજીએ મારા નસીબમાં આવો આકસ્મિક ધનલાભ થવાનો છે એ જોઇ લીધું હતું. પરમ પૂજ્ય ગુરુજીને શત્ શત્ વંદન....

લિ. દિનેશભાઇ દેસાઇ (સુરત)

**આપ પણ આપના જીવનમાં આકસ્મિક ધનલાભ મેળવવા ઇચ્છતા હોય તો નીચે આપેલો મંત્ર રોજ રાત્રે ૯ થી ૧૧ માં ૩ (ત્રણ) વખત કરવો અને એકવાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો. તેમજ ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ ઈ સદ્‌ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતો આકસ્મિક ધનલાભ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળવો.**

**મંત્ર : ॥ ૐ ભૂમિત્ય ભૂમિત્ય મંગલાતી નમઃ ॥**

## મોતનો ભય જતો રહ્યો

મને છેલ્લા દસ વર્ષથી સતત આત્મહત્યા કરવાનો વિચાર આવ્યા કરતો હતો. નાની-નાની બાબતોમાં મને જીવને ટૂંકાવી નાખવાનું મન થતું હતું. ૨૦૨૨માં મારી પત્ની મને પ.પૂ.ગુરુજી પાસે લઈ ગઈ. "મારા મનમાં આવતા આત્મહત્યાના વિચારોમાં ગુરુજી શું કરશે?" મેં પત્નીને પૂછ્યું હતું. "ગુરુજી બધું સારું કરી દેશે." પત્નીએ મને આશ્વાસન આપતા કહ્યું હતું.

અમે જ્યારે ગુરુજીના કક્ષમાં પ્રવેશ્યા ત્યારે મારી અને ગુરુજીની નજર એક થઈ. ગુરુજીએ હળવું સ્મિત આપી અમને બેસવા માટે ઈશારો કર્યો. ગુરુજી કોઈની સાથે ફોન ઉપર વાત કરી રહ્યા હતાં અને હું ગુરુજીને જોઈ રહ્યો હતો. ગુરુજીને જોતાં જ મારા મનમાં કંઈક અલગ જ અનુભૂતિ થઈ હોય એવો મેં અહેસાસ કર્યો. ગુરુજીએ મારી વ્યથા સાંભળીને મને એક મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ નિયમિત કરવાનું કહ્યું.

સાચું કહું તો મને-કમને ૐકાર ચાલીસા અને મંત્ર કરવાનું મેં શરૂ કર્યું. લગભગ એક વર્ષ આ વાતને થયું હશે. એક દિવસ અચાનક હું સવારે ઉઠ્યો અને મને મુંબઈથી ફોન આવ્યો કે મારા સગા મામાનું અવસાન થયું છે. પહેલા આવી રીતે કોઈ સ્વજનના મૃત્યુના સમાચાર આવે ત્યારે હું માનસિક રીતે ભાંગી પડતો અને એકવાર તો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડતો, પરંતુ આ વખતે હું સ્થિર રહ્યો. મુંબઈ જઈને પરત આવ્યો ત્યાં સુધી મારા મનની પરિસ્થિતિ ખૂબ જ સ્થિર રહી. મારી આવી સ્થિર અવસ્થાથી મને અને મારી પત્નીને બંનેને નવાઈ લાગી. એ પછી મારા મનમાંથી મૃત્યુનો ડર સદંતર જતો રહ્યો. મેં મારી પત્નીને કહ્યું કે મારે ૪૫ વર્ષ થયા છે હવે જીવવા બીજા ૨૫ વર્ષ પણ મળે તો ઘણું છે. મારી વાત સાંભળીને પત્ની હસી પડી. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં દંડવત....

લિ. એક ભક્ત (વડોદરા)

**આપ પણ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે આપેલો મંત્ર રોજ રાત્રે ૯ થી ૧૧ માં ૩ (ત્રણ) વખત કરવો અને એકવાર ૐકાર ચાલીસાનો પાઠ કરવો. તેમજ ૐકાર ચાલીસા લેખન પણ નિત્ય કરવું.**

**મંત્ર : ॥ ૐ ત્રિવ્યા ત્રિવ્યા રક્ષામી નમઃ ॥**

## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન



**શુભ તારીખ**

**૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ - સોમવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**